
## વડીલોને વંદન
## અભિનંદન
આજે જન્મદિવસ



મહેન્દ્રભાઈ એચ. રાઠોડ
(૧૯૫૧) મો. ૯૮૯૮૦૬૭૮૧૩

### બ્રહ્મસમાજ દ્વારા મેઘરાજાને મનાવવા સમૂહ સત્યનારાયણ કથા

ગાંધીનગર, તા. ૩

ગુજરાત રાજ્ય પર દુષ્કાળના વાદળો ઘેરાઈ રહ્યા છે ત્યારે ઓગષ્ટ માસ શરૂ થઈ ગયો હોવા છતાં પણ મેઘમહેર નિહ થવાના કારણે ખેડૂતો સહિત સામાન્ય માણસ પણ ચિંતામાં મુકાયો છે. દરેક વ્યક્તિ મેઘરાજાને મનાવવા માટે પ્રાર્થના કરે છે ત્યારે ગાંધીનગર બ્રહ્મસમાજ દ્વારા વરૂણદેવને રીઝવવા માટે સમુહ સત્યાનારાયણ કથાનું આયોજન સેક્ટર-૧૬, સોમનાથ મંદિર ખાતે તા. ૫મી ઓગષ્ટને બપોરે ૩.૦૦થી ૬.૦૦ કલાક દરમ્યાન કરવામાં આવ્યું છે. આ અંગે બ્રહ્મસમાજના પ્રમુખ પિનાકીન રાવલ અને સમાજના અગ્રણી કન્હૈયાલાલ પંડ્યાએ જણાવ્યુ હતુ કે મેઘરાજાને મનાવવા માટે યોજાનાર સમુહ સત્યનારાયણ કથામાં ૧૫૧ યજમાનો જોડાશે. આ ઉપરાંત કથામાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહેશે.

### સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ સે-૨૨ની ૫મીએ બેઠક યોજાશે

ગાંધીનરના સેકટર-૨૨ ખાતેની સાર્વજનિક ગણેશોત્સવ સમતિની ગણેશોત્સવ સંદર્ભે અગત્યની બેઠક આવતીકાલે તા. ૫મી ઓગષ્ટ ૨૦૧૨ને સવારે ૧૦ કલાકે મહારાષ્ટ્ર સમાજ સેકટર-૨૧, ગાંધીનગર ખાતે યોજાશે. આ વર્ષે ૪૩મો ગણેશોત્સવ ૧૯મી સપ્ટેમ્બરથી ૨૫મી સપ્ટેમ્બર સુધી ઉજવાશે જે સંદર્ભે સમિતિના હોદ્દેદારો અને કાર્યકર્તાઓની બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

## શબ્દાવલી - ૪૮૦૮

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | ■ | ૩ | ૪ | |
| | ■ | ■ | ૫ | ૬ | | | ■ |
| ૭ | ૮ | ૯ | | | ■ | ■ | ૧૦ |
| ૧૧ | | | ■ | ૧૨ | ૧૩ | | |
| ■ | ૧૪ | | ■ | ■ | | ■ | ■ |
| ૧૫ | ■ | ૧૬ | ૧૭ | ૧૮ | ■ | ૧૯ | ૨૦ |
| ૨૧ | ૨૨ | ■ | ૨૩ | | ૨૪ | | |
| ૨૫ | | | | ■ | ૨૬ | | |

**આડી ચાવી**

૧. ગાંધીબાપુના પત્નીનું નામ (૪)
૩. વામન, ઢીંગણુ (૩)
૫. મનામણા, રીજવવું તે (૪)
૭. કટોકટી, ખેંચતાણ (૫)
૧૧. ભુંડ જેવું એક પ્રાણી (૩)
૧૨. ભેટ, સોગાત (૪)
૧૪. હોલીડે, છુટ્ટી (૨)
૧૬. ૧૦ વર્ષનો સમયગાળો (૩)
૧૯. સોલ્ડરનો ભાગ, હાથનું મૂળ (૨)
૨૧. એક પ્રકારના ચણિયાચોળી (૨)
૨૩. ઢોરને આઘુ ખસેડવા ડચ જેવો કરાતો અવાજ (૫)
૨૫. ધોવું, સાફ કરવું (૪)
૨૬. આપણા... ના માયાળુ માનવી... (૩)

**ઊભી ચાવી**

૧. એક ખાસ પ્રકારનું બટકણું પ્લાસ્ટીક (૪)
૨. સૂક્ષ્મ, જીણું (૩)
૩. પગથીયાવાળો કુવો (૨)
૪. કિંમતી પથ્થર, માણેક (૨)
૬. ઉત્સવ, મહેફિલ (૩)
૮. ખાંડ, સાકર (૩)
૯. મર્યાદા (૪)
૧૦. સમય, અવસર (૨)
૧૩. યમ, યમરાજ (૨)
૧૫. રૂદન કરવું,... કરવો (૩)
૧૭. સડી જવું (૩)
૧૮. શિખવાડનાર સાહેબ (૨)
૧૯. ખળ, વાટવાનો પથ્થર (૩)
૨૦. ભાવનાશાળી, લાગણીશીલ (૩)
૨૨. વિભાગ, ડાળ (૨)
૨૪. કાર્ય, કાજ (૨)

### શબ્દાવલી ૪૮૦૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) ધૂળેટી (૩) અમરત્વ (૬) ખરાખરી (૭) પાછળ (૯) નાવ (૧૦) નળ (૧૧) કટક (૧૨) કસોટી (૧૩) બસ (૧૫) લપ (૧૬) ગાંધારી (૧૭) પાટ (૧૮) તંગડી (૧૯) વહેમ

**ઊભી ચાવી :-** (૧) ધુમ્રપાન (૨) ટીખળ (૩) અખરોટ (૪) મરી (૫) ત્વમેવ (૮) છળકપટ (૧૧) કટીપતંગ (૧૩) બધા (૧૪) સરીયામ (૧૫) લપાટ (૧૬) ગાંડીવ

સિન્ડીકેટ ચૂંટણીનું જાહેરનામું બહાર પાડવાના મુદ્દે

# કોંગ્રસી સિન્ડીકેટ સભ્યો દ્વારા યુનિવર્સિટી રજિસ્ટ્રારનો ઘેરાવ



## સતત બે કલાક સુધી ઘેરાવ કરવામાં આવ્યો : કાર્યકારી કુલપતિની નિમણુંક થયા બાદ ચૂંટણી યોજવાનો નિર્ણય

અમદાવાદ, તા.૩

ગુજરાત યુનિવર્સિટી સિન્ડીકેટની આગામી ચૂંટણી અંગે જાહેરનામું બહાર પાડવાના મુદ્દે આજે કોંગ્રેસ પ્રેરીત સિન્ડીકેટ સભ્યોએ યુનિવર્સિટીના કાર્યકારી રજિસ્ટારનો બે કલાક સુધી ઘેરાવ કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે આ વિવાદ પૂર્વે જ રજિસ્ટારે રાજીનામુ આપવા નિર્ણય પણ કર્યો છે. ગુજરાત યુનિવર્સિટી સિન્ડીકેટની સમય મર્યાદા ૩૦મી ઓગસ્ટે પૂરી થાય છે. જેથી યુનિવર્સિટીના કુલપતિએ ૧૩ દિવસ પહેલા આગામી સિન્ડીકેટની ચૂંટણી માટે જાહેરનામું બહાર પાડવું પડે. આ અંગે પૂર્વ કુલપતિની અધ્યક્ષતામાં નિર્ણય પણ લેવાઈ ગયો છે. તેમ છતાં ફક્ત સરકારના દબાણને કુલપતિ દ્વારા ચૂંટણી જાહેરનામું બહાર પાડવામાં નહીં આવતા કોંગ્રેસ પ્રેરીત સિન્ડીકેટ સભ્યોએ આજે કેટલાક કાર્યકરો સાથે રજિસ્ટાર સમક્ષ ઉગ્ર દેખાવ કર્યો હતો. જો કે આ સમયે કુલપતિ પોતાની ચેમ્બરમાં હાજર ન હતા.

રજિસ્ટાર બળદેવભાઈ પટેલને જાહેરનામું બહાર પાડવા ઉગ્ર રજૂઆત કરી હતી. જો કે રજિસ્ટારે જણાવ્યું હતું કે કુલપતિના આદેશ વગર જાહેરનામુ બહાર પાડી ન શકે. સિન્ડીકેટ સભ્યોએ બપોર ૧૨ થી ૨ વાગ્યા સુધી આશરે બે કલાક ઘેરાવ કરી સૂત્રોચ્ચાર કર્યા હતા. બીજી બાજુ આ દેખાવથી યુનિવર્સિટી કર્મચારીઓ પણ ગભરાઈ ગયા હતા. કુલતપિને આ અંગે પૂછતા તેમણે જણાવ્યું હતું કે, સર્ચ કમિટી ૧૪મી ઓગસ્ટ સુધીમાં નવા કુલપતિની નિમણૂંકની પ્રક્રિયા પૂરી કરે તો સમયસર ચૂંટણી યોજાશે. આ જવાબદારી નવા કુલપતિની છે. હું રાજ્યપાલને પણ નિમણૂંકની પ્રક્રિયા વહેલી પૂર્ણ કરવા વિનંતી કરુ છું. નવા કુલપતિ આવ્યા બાદ ચૂંટણી યોજાશે.

# ‘ચ’ માર્ગ પર બાઈક અને એકટીવા વચ્ચે અકસ્માત : બે ને ઈજાઓ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરના ‘ચ’ માર્ગ પર આજે બપોરના સમયે સચિવાલયના ગેટ નં. ૬ પાસે એક એકટીવા ચાલકે બેદરકારીપૂર્વક એકટીવા હંકારી આગળ જઈ રહેલ બાઈકને ટકકર મારી અકસ્માત સર્જયો હતો. જેમાં બાઈક સવાર બે ઈસમોને ગંભીર ઈજાઓ થવા પામી હતી જયારે આરોપી એકટીવા ચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. આ મામલે સેકટર-૭ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી.

ગાંધીનગરના સેકટર-૫-બી પ્લોટ નં. ૫૬૩/૧માં રહેતા અને સચિવાલય માં વાયરમેન તરીકે ફરજ બજાવતા પૂજાભાઈ ગણેશભાઈ સોલંકી અને તેમના મિત્ર ગોવિંદભાઈ જેસ્વાલ (રહે. બાયડ) બંને મોટરસાઈકલ (નં. જીજે ૧૮ એસ ૨૧૮૭) પર સચિવાલયથી પથિકાશ્રમ તરફ જઈ રહ્યા હતા. સચિવાલય ગેટ નં. ૬ પાસે પહોંચતા પાછળથી પૂરઝડપે આવતા એક એકટીવા (જીજે-૧૮ એ કે ૪૦૨૧) ચાલકે બાઈકને જોરદાર ટક્કર મારી અકસ્માત સર્જયો હતો. જેથી બાઈક સવાર બંને વ્યકિતઓને ગંભીર ઈજાઓ થવા પામી હતી. જયારે એકટીવા ચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. ઘાયલ બંને વ્યકિતઓમાંથી એકને ગાંધીનગર સિવિલમાં ખસેડાયા હતા અને ગોવિંદભાઈ જેસ્વાલને વધુ ઈજાઓ થતા તેમને અમદાવાદ સિવિલમાં ખસેડાયા હતા. આ મામલે સેકટર-૭ પોલીસે પૂજાભાઈ સોલંકીની ફરિયાદ લઈ ફરાર આરોપીની શોધખોળ હાથ ધરી છે.

### ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘની ૫મીએ બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર જિલ્લા ખેડૂત-પશુપાલક હિત રક્ષક સમિતિ દ્વારા ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘની ૫મી ઓગષ્ટ ૨૦૧૨ને રવિવારે સવારે ૯ કલાકે શકિત મંદિર અંબાજી, ગિયોડ પાટીયા, નેશનલ હાઈવે-૮, ચિલોડા-હિંમતનગર હાઈવે, તા.જિ. ગાંધીનગર ખાતે આભારદર્શન વ્યકત કરવા અને ભાવિ કાર્યક્રમ નક્કી કરવા બાબતે અગત્યની બેઠક યોજાશે.

જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘની કારોબારી સભ્યોની ચૂંટણીમાં આર્થિક, શારીરિક અને દિલથી સાથ સહકાર આપનાર સ્નેહીજનોનો આભાર વ્યકત કરવા અને રૂબરૂ મળી આગામી રણનીતિ નક્કી કરવા સમાજના પ્રતિષ્ઠિત લોકોની હાજરીમાં સમગ્ર બેઠક યોજાશે. જેમાં સૌ સાથી સહયોગીઓને ગાંધીનગર જિલ્લા ખેડૂત-પશુપાલક હિત રક્ષક સમિતિએ ખાસ નિમંત્રણ પાઠવ્યું છે.

### ડીસામાં ન્યાયલય કર્મચારીગણ ભવન નિર્માણનું ડીસ્ટીક્ટ સેસન્સ જજ હસ્તે થયું ખાતમૂહુર્ત

ડીસા, તા. ૩

ડીસાના તાલુકા પંચાયત સ્ટાફ ક્વાર્ટર પાસે આવેલ સરકારી ફાજલ જગ્યામાં ન્યાયલય કર્મચારીગણ માટે ભુવન નિર્માણ કાર્ય શરૂ કરાયું હતું. જેમાં આજ રોજ પ્રિન્સીપાલ ડીસ્ટીકટ એન્ડ સેસન્સ કોર્ટ પાલનપુરના જજ શ્રી એ.જી ઉરેજી તેમજ જોઈન્ટ ડીસ્ટીકટ જજ આર.એન.દવે સાહેબ દ્વારા ન્યાયાલય કર્મચારી ગણ રહેણાંક મકાનોનુ ખાત મુર્હત કરાયું હતું. આ પ્રસંગે ડીસા બાર એસોસિએશનના પ્રમુખ પી. એલ. શર્મા તેમજ બાર એસોસિએશનના એડ વોકેટો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. ટુંક સમયમાં જ ન્યાયલય કર્મચારીગણ ભુવનનું નિર્માણ કાર્ય શરૂ કરાતા અને નીયત મુદતમાં આ નિર્માણ કાર્ય પુરૂ થતા ન્યાયલય કર્મચારીગણ માટે આવાસો તૈયાર થઈ જશે. જેનાથી ન્યાયલય કર્મચારીગણની રહેણાક માટેની સમસ્યાનો સુખદ ઉકેલ આવશે.

### ૧૧ લાખથી વધુ બાળકને ઓરી માટેની રસી અપાશે

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પ્રથમવાર શહેરના ૧૧ લાખ બાળકોને ઓરીની રસી આપવામાં આવશે. આગામી તા. ૮ થી તા. ૨૮ ઓક્ટોબર સુધી ઓરીની રસી આપવાનો પ્રથમ રાઉન્ડ યોજવામાં આવશે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ ઓરીને કારણે બાળકો મોટી સંખ્યામાં મૃત્યુ પામે છે. વિશ્વમાં ૨૦૦૦ના વર્ષમાં ઓરીને કારણે અંદાજે ૭.૩૩ લાખ બાળકો મૃત્યુ પામ્યા હતા. જો કે હવે તેના મૃત્યુદરમાં ઘટાડો થયો છે. અને ૨૦૧૦ના વર્ષમાં વિશ્વમાં ૧.૬૮ લાખ બાળકો મૃત્યુ પામ્યા હતા.

## સમાચાર ઝલક

- કેક બોમ્બનો ઉપયોગ પ્રથમવાર થતાં સુરક્ષા એજન્સીઓ વિસામણમાં.
- ચૂંટણીમાં ગેરકાયદે ફંડ પ્રવાહ પર નજર રાખવા પંચે પેનલ તૈયાર કરી.
- ડીસામાં લડનાર બસમાં યુવતીની છેડતી મુદ્દે ક્લિનર વિરૂધ્ધ ફરિયાદ.
- રાજ ટ્રાવેલ્સના માલિક શ્રી લલિતભાઇ શેઠની આત્મ હત્યા, અકાળે નિધન.
- સૌથી ઝડપી ૧,૦૦૦ રન બનાવનાર ભારતીય બેટધર બનતો વિરાટ કોહલી.
- વૈશ્યાવૃત્તિ કરતી ગુજરાતી અભિનેત્રી પૂનામાં ઝડપાઇ.
- ગ્રામપંચાયતનો સ્થાનિક વિકાસ કામો પાંચ લાખ રૂપિયા સુધી ટેન્ડર વગર કરાવી શકાશે.
- અમેરિકામાં ગુજરાતી સહિત ૧૫૦ જેટલા ભારતીયો ગુમ.
- ઉત્તરપ્રદેશની પુત્ર અખિલેશની સરકારની કામગીરીથી મુસાયમસિંહ યાદવ નારાજ.
- અમરનાથ યાત્રા શાંતિપૂર્ણ સંપન્ન : છ લાખથી વધુ દર્શન, ચાલુ વર્ષ અમરનાથનું શિવલિંગ ઓગળ્યું નથી.
- ડિઝલ, ગેસ, કેરોસીનનાં ભાવ વધારાની હિલચાલ.
- ગૌચરની જમીનો ઉપર માત્ર પશુઓનો જ અધિકાર છે : ડો. તોગડીયા.
- પોરબંદર રેલ્વે ટ્રેક ઉપર સર્જાયા ફિલ્મી દ્રશ્યો, ફરાર આરોપીને પકડવા પોલીસ ૩ કિલોમીટર દોડી, અંતે ઝડપાયો.
- એસ.ટી. નિગમ ચાલુ વર્ષે ૨૫૦૦ નવી બસો રસ્તા પર દોડાવશે.
- ભારતના મિશન - મંગળને કેબીનેટની લીલી ઝંડી, ભવિષ્યમાં લાલ ગ્રહ પર જનાર ચોથો દેશ બનશે.

## ગુજરાત રાજય રાવળ-યોગી સમાજનું આજે સંમેલન યોજાશે

ગાંધીનગર, તા.૨

ગુજરાત રાજય રાવળ-યોગી સમાજ દ્વારા કોંગ્રેસ પક્ષનું ભવ્ય સંમેલન તા. ૪થી ઓગષ્ટ ૨૦૧૨ને શનિવારે બપોરે ૨ કલાકે ટાઉનહોલ, સેકટર-૧૭, ગાંધીનગર ખાતે યોજાશે.

રાવળ-યોગી સમાજના આ સંમેલનમાં સમારંભના અધ્યક્ષ તરીકે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જૂનભાઈ મોઢવાડિયા, સમારંભના ઉદઘાટક તરીકે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કંમ્પેઈન સમિતિના ચેરમેન શંકરસિંહ વાઘેલા, મુખ્ય મહેમાન તરીકે વિરોધ પક્ષના નેતા શકિતસિંહ ગોહિલ, સંસદ સભ્ય જગદીશભાઈ ઠાકોર ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ડૉ. સી.જે. ચાવડા તથા નાય માર્ગના તંત્રી ઈન્દુકુમાર જાની ખાસ ઉપસ્થિત રહેશે. રાવલ, યોગી સમાજના આ ભવ્ય સંમેલનમાં સમસ્ત જ્ઞાતિબંધુઓ, આદરણીય વડીલો, યુવાન ભાઈ બહેનોને અચૂક પધારવા ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## ગાંધીનગરમાં ભાજપ દ્વારા સક્રિય સદસ્યતા કાર્ડ વિતરણ સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર મહાનગર ભારતીય જનતા પાર્ટી દ્વારા આયોજીત ૩૬ ગાંધીનગર ઉત્તર વિધાનસભા કાર્યકર્તા સંમેલન તથા સક્રિય સદસ્યતા કાર્ડ વિતરણ સમારોહ તાજેતરમાં ગાંધીનગર ખાતે યોજાયો હતો. જેમાં ૧૫૦૦થી વધુ કાર્યકરોએ હાજરી આપી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

ગાંધીનગર મહાનગરના સંગઠન પર્વ ૨૦૧૨ના સક્રિય સદસ્યતા કાર્ડ વિતરણમાં ૯૫૦થી પણ વધુ સક્રિય કાર્ડ ધારકો ઉપરાંત અલગ અલગ સમાજના અગ્રણીઓ, ડોકટર્સ, વકીલો, વેપારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ગાંધીનગર મહાનગરમાં ભાજપામાં સેકટર-૨૪ના રતનસિંહ વાઘેલા, સેકટર-૧૭ના રજુજી ગોલ, સેકટર-૧ ઉના રેણુકાબેન પટેલ, પૂર્વ ધારાસભ્ય ચંદ્રાબેન શ્રીમાળી, સેકટર-૭ના ભૂપતભાઈ ભૂતડીયા કાર્યકરો સાથે જોડાયા હતા. જેનું ભાજપમાં જોડાવા બદલ રાષ્ટ્રીય પ્રવકતા બલબીરસિંહ પૂંજે આવકાર આપી પાર્ટીમાં કામે લાગી જવા આહવાન કર્યું હતું.

સમારોહમાં અધ્યક્ષ સ્થાને સાંસદ બલવીરસિંગ પૂંજ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ગાંધીનગર મહાનગર જિલ્લાના ઈન્ચાર્જ કે.સી. પટેલ, બક્ષીપંચ મોરચાના પ્રદેશ પ્રમુખ ભગવાનદાસ પંચાલ, યુવા મોરચાના પ્રદેશ પ્રમુખ પ્રદિપસિંહ વાઘેલા, ગાંધીનગર મહાનગર પ્રમુખ રૂચિર ભટ્ટ, જિલ્લા પ્રમુખ શંકુતલાબેન પટેલ, બેચરસ્વામી અતિપછાત જાતિના વિકાસ નિગમના ચેરમેન પૂનમભાઈ મકવાણા, ધારાસભ્ય શંભુજી ઠાકોર, મહાનગર વિપક્ષ નેતા મનુભાઈ પટેલ, પૂર્વ જિલ્લા પ્રમુખ નીતિનભાઈ પટેલ, પૂર્વ જિલ્લા મહામંત્રી જયંતિભાઈ પટેલ, અશોકભાઈ પટેલ, કશ્યપ પ્રજાપતિ તથા ગાંધીનગરના કોર્પોરેટર્સ ખાસ ઉપસ્થિત રહ્યા હતાં.

કાર્યક્રમને સફળ બનાવવા ગાંધીનગર મહાનગર મહામંત્રી અને સંગઠન પર્વ ૨૦૧૨ના ઈન્ચાર્જ મહેન્દ્રભાઈ પટેલ (દાસ), સહ ઈન્ચાર્જ મહિપતભાઈ મિસ્ત્રી અને શ્રીમતી દક્ષાબેન શુકલ તથા સુરેશભાઈ સેનવા, જીજ્ઞેષ જોષી, કનુભાઈ દેસાઈ, તેમજ પાર્ટીના તમામ હોદ્દેદારો અને વોર્ડના પ્રમુખ-મહામંત્રીશ્રીઓએ સક્રિય સદસ્યતા અભિયાનમાં કાર્યકરો એકત્રિત કરવામાં ભારે જહેમત ઉઠાવી હતી અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

ગાંધીનગર મહાનગરના સક્રિય કાર્યકર્તા સંમેલનમાં દરેક સક્રિય કાર્યકર્તાઓને મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીની મુખાકૃતિવાળી ‘વી’ ફોર વીકટરીની ઘડીયાળ આપવાની જાહેરાત કરીને શુભ શરૂઆત કરવામાં આવી હતી તથા ગુજરાત પાક્ષિકનું તમામ કાર્યકરોને વિતરણ કરવામાં આવ્યું હતું. ગાંધીનગર મહાનગર ડોકરટર સેલના કન્વીનર ડૉ. પ્રદિપભાઈ ભાવસારની ટીમ દ્વારા ડાયગ્નોસ્ટિક ચેક એપ કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવ્યુંહતું. જેમાં મોટી સંખ્યામાં કાર્યકરોએ ભાગ લીધો હતો.

## ગુજરાત ગુરુ બ્રાહ્મણ સમાજ દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન યોજાશે

ગાંધીનગર, તા.૩

ગુજરાત ગુરુ બ્રાહ્મણ સમાજના ગાંધીનગર ઘટકના પ્રમુખ દુષ્યંતકુમાર શ્રીમાળીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગુજરાત ગુરુ બ્રાહ્મણ સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવાનો કાર્યક્રમ સપ્ટેમ્બર ૨૦૧૨માં યોજાશે. ધોરણ-૧૦, ૧૨, સ્નાતક, અનુસ્નાતક અને એમ.ફીલ., પી.એચ.ડી. જેવી પદવી પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીને સન્માનીત કરવામાં આવશે.

ચાલુ વર્ષમાં ધોરણ-૧૦માં ૭૦ ટકા, ધોરણ-૧૨માં ૬૫ ટકા, સ્નાતક કક્ષાએ ૬૦ ટકા, અનુસ્નાતક કક્ષાએ ૫૫ ટકા તથા અન્ય વિશિષ્ટ શૈક્ષણિક સિદ્ધિ જેવી કે એમ.ફીલ, પી.એચ.ડી, તબીબી, એડવોકેટ ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરનારનુંસન્માન કરવામાં આવશે. વાલીઓ તથા વિદ્યાર્થીઓએ સન્માન સમારંભનો લાભ લેવા માટે ૧૫મી ઓગષ્ટ ૨૦૧૨ સુધીમાં અરજીપત્રક ભરીને પ્રમુખ દુષ્યંત શ્રીમાળી બ્લોક નં. ૬૦/૨, સેકટર-૩-ન્યુ, મહામંત્રી સુખાનંદ શ્રીમાળી પ્લોટ નં. ૯૫૧/૧, સેકટર-૨-સી, ખજાનચી કનુભાઈ શ્રીગોડ પ્લોટ નં. ૪૨૮/૨, સેકટર-૧૩ એ, અથવા ચીમનભાઈ રાજગોર પ્લોટ નં. ૭૬૨/૨, સેકટર-૨૪-એ, પાઠયપુસ્તક મંડળના કવાટર્સ ખાતે આપવી. દરેક વિદ્યાર્થીએ અરજીપત્રક સાથે પોતાના ગુણપત્રક-માર્કશીટની પણ નકલ સાથે આપવાની રહેશે.

## ડીસા માર્કેટયાર્ડ પાસે અજાણ્યા શખ્સો દ્વારા પચાસ હજારની ચીલ ઝડપનો નિષ્ફળ પ્રયાસ

ડીસા, તા. ૩

ડીસામાં ચોરી, લુંટ અને ચીલ ઝડપના વધતા જતા બનાવોથી શહેરીજનો ભયભીત બનેલ છે. ત્યારે ડીસા માર્કેટયાર્ડ ખાતે આજે બપોરે એક ખેડુતની સનસનીખેજ ચીલ ઝડપનો બનાવ બનવા પામ્યો હતો. આ ચીલ ઝડપમાં ચાર અજાણ્યા ગઠીયાઓએ પચાસ હજાર રૂપીયાની ચીલઝડપ કરી હતી. જો કે ખેડુતની જાગૃકતાએ આ ચાર પેકીનો એક ગઠીયો હાથ લાગ્યો હતો. આ મામલે શહેર પોલીસે ધોરણસર તપાસ હાથ ધરી છે.

જેની વિગતો જાઈએ તો ડીસાના માર્કેટયાર્ડ ખાતે ચૌધરી દેવરામભાઈ કરશનભાઈ રહે. બુરાલ વાળાઓ ખેતી કામ અર્થે માર્કેટયાર્ડ ખાતે જઈ રહ્યા હતા. તેઓ માર્કેટયાર્ડ જવા માટે રીક્ષા નંબર - જી.જે.૮.વી.૮૩૧૫ માં સવાર થયા હતા. આ રીક્ષામાં તે બાદ ચાર અન્ય અજાણ્યા ઈસમો પણ સવાર થયા હતા. આ રીક્ષા માર્કેટયાર્ડ ત્રણ રસ્તા પાસે રોકાવી આ અજાણ્યા ચારેય ઈસમો રીક્ષામાંથી નીચે ઉતરી ગયા હતા. તે બાદ ખેડુત દેવરામભાઈ ચૌધરી માર્કેટયાર્ડ પહાચેયા હતા.

જો કે તેમની સાથે રહેલ થેલીમાં પચાસ હજાર રૂપીયા હતા. જે ગાયબ થતા ખેડુત દેવરામભાઈ ચૌધરી બેબાકળા બન્યા હતા. અને તે બાદ તેઓએ રીક્ષા ચાલક રણજીતભાઈ ઠાકોર ની રીક્ષા પાછી લઈ જઈ યુવકો જયા ઉતર્યા હતા. તે જગ્યાએ તપાસ કરાવતા ચાર પૈકીનો એક ઈસમ દેખાયો હતો. જેને ઝડપી પાડી ખેડુત દેવરામભાઈએ પુચ્છપરચ્છ કરતા તેને રીક્ષામાંથી પોતાને પચાસ હજાર રૂપીયા મળ્યાનુ કબુલ્યું હતું. ખેડુતે પોતાના પેસા મળ્યાનો સંતોષ માળ્યો હતો. જો કે આ ઝડપાયેલા ઈસમને તે બાદ શહેર પોલીસ દફતરે લાવવામાં આવ્યો હતો. પોલીસની પ્રાથમીક પુછપરછ માં ઝડપાયેલ આ યુવક રમેશ ઠાકોર રહે. નરોડા અમદાવાદ વાળો હોવાનુ બહાર આવ્યું હતું.

## ડીએનએ સરખા છે...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અમારા નેતાઓમાં એકતા છે. અમારા વિકલ્પ અન્ના હજારે કે બાબા રામદેવ નહીં પણ કોંગ્રેસ-યુપીએ છે. અમે કોંગ્રેસને ફાઈટ આપીશું. નિતીનકુમારે પ્રાઈમ મિનિસ્ટરના ઉમદવાર નરેન્દ્ર મોદીના નામનો વિરોધ કર્યો છે તો તેમને તમે કઈ રીતે મૂલવો છો.. તેવા પ્રશ્નના જવાબમાં ગડકરીએ કહ્યું કે ભારતની ૩૬ ટકા વસતીમાં ભાજપ રૂલ્સ કરે છે. નવ રાજ્યોમાં સરકાર છે. એનડીએમાં પીએમના ઉમેદવારનો મુદ્દો ત્યારે આવે જ્યારે ચૂંટણી પ્રક્રિયા શરૂ થાય. હજી તો ચૂંટણીને વાર છે. સાથે બેસીને નક્કી થશે. એનડીએની બેઠકમાં અમે પ્રાઈમ મિનિસ્ટર માટે કદાવર નેતા નક્કી કરીશું. નિતીશ કુમાર પણ સાથે હશે. કેન્દ્રીય નાણામંત્રી ચિદમ્બરમ અંગેના એક પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું હતું કે પાર્લામેન્ટમાં અમે અગાઉ પણ વિરોધ કર્યો હતો. કારણ કે ટુજી સ્પેકટ્રમમાં રાજા એકલા દોષિત નથી, તેમની સાથે ચિદમ્બરમ પણ છે. ચોમાસુ સત્રમાં પણ અમે વિરોધ તો કરવાના છીએ.

આસામની હિંસા અંગે નિતીન ગડકરીએ કહ્યું હતું કે કોંગ્રેસ તેની વોટબેન્કને મજબૂત બનાવવા વિદેશીઓને આશરો આપીને તેમને વોટીંગ કરવાના અધિકાર આપી રહી છે. મત માટે દેશને અસુરક્ષિત કરી શકાય નહીં. અમારી તો માગણી છે કે આવા વિદેશોને પાછા મોકલી સરકારે દેશની સરહદોને સીલ કરી દેવી જોઈએ. રાષ્ટ્રીય પ્રમુખે મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહના પણ વખાણ કર્યા હતા અને કહ્યું હતું કે તેમના રાજ્યમાં કૃષિ વિકાસ દર ૧૮ ટકા થયો છે જે તેમના શાસનને આભારી છે. ૨૦૧૪ના ચૂંટણી પ્રચાર સૂત્રને ટાંકતાં તેમણે કહ્યું હતું કે અમે દેશમાં ભય, ભૂખ અને ભ્રષ્ટાચાર મુક્ત શાસન આપવા માગીએ છીએ.